# 6 દ્વિપદી પ્રમેય

**કેટલાક અગત્યના મુદ્દા**

**(1) પાસ્કલનો ત્રિકોણ** $(1 + x)^n$ **માં** $x^r$ **ના સહગુણકો** $(r = 0, 1, 2, 3.....n)$

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| $n = 1$ | | | | | 1 | | 1 | | | | |
| $n = 2$ | | | | 1 | | 2 | | 1 | | | |
| $n = 3$ | | | 1 | | 3 | | 3 | | 1 | | |
| $n = 4$ | | 1 | | 4 | | 6 | | 4 | | 1 | |
| $n = 5$ | 1 | | 5 | | 10 | | 10 | | 5 | | 1 |
| . | . | . | . | . | . | . | . | . | | | |
| . | . | . | . | . | . | . | . | . | | | |

- પ્રત્યેક હારનો પહેલો અને છેલ્લો ઘટક 1 છે તથા બાકીનો દરેક ઘટક તેની ઉપરની હારના પાસપાસેના બે ઘટકોનો સરવાળો છે.
- $n$ મી હારમાં $\binom{n}{0}, \binom{n}{1}, \binom{n}{2}, \dots \binom{n}{n}$ એમ $(n+1)$ ઘટકો છે.
- દરેક હારમાં ડાબી અને જમણી બાજુથી સમાન અંતરે જતાં સમાન સંખ્યા મળે છે.
- પાસ્કલના ત્રિકોણની $n$ મી હારના ઘટકોનો સરવાળો $\binom{n}{0} + \binom{n}{1} + \binom{n}{2} + \dots + \binom{n}{n} = 2^n$ થાય છે.
- પાસ્કલના ત્રિકોણની $n$ મી હારમાં આવેલ $r+1$ મો ઘટક $\binom{n}{r}$ નું મૂલ્ય દર્શાવે છે.

**(2) દ્વિપદી પ્રમેય :**

$$(a + b)^n = \binom{n}{0} a^n b^0 + \binom{n}{1} a^{n-1} b^1 + \binom{n}{2} a^{n-2} b^2 + \dots + \binom{n}{n} a^0 b^n = \sum_{r=0}^{n} \binom{n}{r} a^{n-r} b^r \qquad (n \in N)$$

**(3)** $(a + b)^n$ **ના વિસ્તરણમાં વ્યાપક પદ :**

$T_{r+1} = r + 1$ મું પદ $= \binom{n}{r} a^{n-r} b^r \qquad (0 \le r \le n)$

**(4)** $(a + b)^n$ **ના વિસ્તરણમાં મધ્યમ પદ :**

(1) જો $n$ યુગ્મ હોય, તો મધ્યમ પદ $= \frac{n}{2} + 1$ મું પદ $= T_{\frac{n}{2}+1} = \binom{n}{\frac{n}{2}} a^{\frac{n}{2}} b^{\frac{n}{2}}$

(2) જો $n$ અયુગ્મ હોય, તો મધ્યમ પદ $= \frac{n+1}{2}$ મું પદ અને $\frac{n+3}{2}$ મું પદ

$= T_{\frac{n+1}{2}} = \binom{n}{\frac{n-1}{2}} a^{\frac{n+1}{2}} b^{\frac{n-1}{2}}$ તથા $T_{\frac{n+3}{2}} = \binom{n}{\frac{n+1}{2}} a^{\frac{n-1}{2}} b^{\frac{n+1}{2}}$

અહીં બે મધ્યમ પદ મળે.

**(5) $(a + b)^n$ ના વિસ્તરણના ગુણધર્મો :**

- વિસ્તરણમાં કુલ $n+1$ પદો છે.
- દરેક પદમાં $a$ તથા $b$ના ઘાતાંકોનો સરવાળો $n$ છે.
- પદોના સહગુણકો $\binom{n}{0}, \binom{n}{1}, \binom{n}{2}, \dots \binom{n}{n}$ છે. તેમને દ્વિપદી સહગુણકો કહે છે તથા બધા જ સહગુણકોનો સરવાળો $2^n$ થાય છે.
- વિસ્તરણમાં $r+1$ માં પદનો સહગુણક $= a^{n-r} b^r$ નો સહગુણક $= \binom{n}{r}$
- વિસ્તરણમાં છેલ્લેથી $r$ મું પદ $= (b+a)^n$ ના વિસ્તરણમાં પહેલેથી $r$ મું પદ $= \binom{n}{r-1} b^{n-r+1} a^{r-1}$

  $= (a + b)^n$ ના વિસ્તરણમાં પહેલેથી $n + 2 - r$ મું પદ
- વિસ્તરણમાં ડાબી બાજુથી જમણી બાજુ જતાં $a$ નો ઘાતાંક એક-એક ઘટે છે જ્યારે $b$ નો ઘાતાંક એક-એક વધે છે.

**(6) પરિણામો :**

- $(a - b)^n = \binom{n}{0} a^n b^0 - \binom{n}{1} a^{n-1} b^1 + \binom{n}{2} a^{n-2} b^2 - \dots + (-1)^r \binom{n}{r} a^{n-r} b^r + \dots + (-1)^n \binom{n}{n} a^0 b^n$
- $(a - b)^n$ ના વિસ્તરણમાં $r+1$ મું પદ $= T_{r+1} = (-1)^r \binom{n}{r} a^{n-r} b^r$
- $(a - b)^n = \sum_{r=0}^{n} (-1)^r \binom{n}{r} a^{n-r} b^r$
- $(1 + x)^n = \binom{n}{0} + \binom{n}{1} x + \binom{n}{2} x^2 + \dots + \binom{n}{n} x^n,\ n \in N = \sum_{r=0}^{n} \binom{n}{r} x^r$
- $(1 + x)^n$ ના વિસ્તરણમાં $(r + 1)$ મું પદ $= T_{r+1} = \binom{n}{r} x^r$
- $(1 + x)^n$ ના વિસ્તરણમાં $(r + 1)$ મા પદનો સહગુણક $= x^r$ નો સહગુણક $= \binom{n}{r}$
- $(1 - x)^n = \binom{n}{0} - \binom{n}{1} x + \binom{n}{2} x^2 - \binom{n}{3} x^3 + \dots + (-1)^n \binom{n}{n} x^n \ (n \in N)$

- $\binom{n}{0} + \binom{n}{1} + \binom{n}{2} + ... + \binom{n}{n} = 2^n$

- $\binom{n}{1} + \binom{n}{3} + \binom{n}{5} + ... = \binom{n}{0} + \binom{n}{2} + \binom{n}{4} + ... = 2^{n-1}$

- $(a + b + c)^n$ ના વિસ્તરણમાં પદોની સંખ્યા

  $= \Sigma (n + 1) = \frac{(n+1)(n+2)}{2}$ તથા સહગુણકોનો સરવાળો $= 3^n$

- $\binom{n}{r} : \binom{n}{r-1} = \frac{n-r+1}{r}$

- $(x + y)^n + (x - y)^n = 2\left[\binom{n}{0} x^n + \binom{n}{2} x^{n-2}y^2 + \binom{n}{4} x^{n-4}y^4 + ...\right]$

- $(x + y)^n - (x - y)^n = 2\left[\binom{n}{1} x^{n-1}y + \binom{n}{3} x^{n-3}y^3 + \binom{n}{5} x^{n-5}y^5 + ...\right]$

**(7) સંમેય ઘાતાંક માટે દ્વિપદી શ્રેઢી :**

$(1 + x)^n = 1 + nx + \frac{n(n-1)}{2!} x^2 + \frac{n(n-1)(n-2)}{3!} x^3 + ...$ અનંત પદ

જ્યાં $n \in Q$ અને $|x| < 1$

ઉદાહરણ તરીકે

$(1 + x)^{-1} = 1 - x + x^2 - x^3 + ...$ અનંત પદ (અનંત ગુણોત્તર શ્રેઢીનો સરવાળો)

$(1 - x)^{-1} = 1 + x + x^2 + x^3 + ...$ અનંત પદ

$(1 + x)^{-2} = 1 - 2x + 3x^2 - 4x^3 + ...$ અનંત પદ

$(1 - x)^{-2} = 1 + 2x + 3x^2 + 4x^3 + ...$ અનંત પદ

$(1 + x)^{-3} = 1 - 3x + 6x^2 - 10x^3 + ...$ અનંત પદ

$(1 - x)^{-3} = 1 + 3x + 6x^2 + 10x^3 + ...$ અનંત પદ

**(8) વ્યાપક પદ :**

(1) $(1 + x)^n$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = \frac{n(n-1)(n-2)...(n-r+1)}{r!} x^r, n \in Q$$

(2) $(1 - x)^n$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = (-1)^r \frac{n(n-1)(n-2)...(n-r+1)}{r!} x^r, n \in Q$$

(3) $(1 + x)^{-n}$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = (-1)^r \frac{n(n+1)(n+2)\ldots(n+r-1)}{r!} x^r = x^r (-1)^r \binom{n+r-1}{r}, \text{ જ્યાં } n \in \mathrm{N}$$

(4) $(1-x)^{-n}$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = \frac{n(n+1)(n+2)\ldots(n+r-1)}{r!} x^r, n \in \mathrm{Q}$$

$$= \binom{n+r-1}{r} x^r, \text{ જો } n \in \mathrm{N}$$

**(9)** $(1+x)^n = 1 + nx, |x| < 1, n \in \mathrm{Q}, x^2, x^3 \ldots$ અવગણતાં

$(1+x)^n = 1 + nx + \frac{n(n-1)}{2} x^2, |x| < 1, n \in \mathrm{Q}, x^3, x^4 \ldots$ અવગણતાં

**(10) દરેક વ્યક્તિને વધુમાં વધુ $n$ વસ્તુઓ મળે તે રીતે $n$ સમાન વસ્તુઓ $r$ વ્યક્તિઓને વહેંચવાના પ્રકાર**

= $(1 + x + x^2 + \ldots + x^n)^r$ માં $x^n$ નો સહગુણક

= $(1-x)^r (1+x+x^2+\ldots+x^n)^r (1-x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

= $(1-x^{n+1})^r (1-x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

= $(1-x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

= $\binom{n+r-1}{r} = \binom{n+r-1}{n-1}$

**(11) દરેક વ્યક્તિને ઓછામાં ઓછી એક વસ્તુ મળે તે રીતે, $n$ સમાન વસ્તુઓ $r$ વ્યક્તિઓને વહેંચવાના પ્રકાર**

= $(x + x^2 + x^3 + \ldots + x^n)^r$ ના વિસ્તરણ $x^n$ નો સહગુણક

= $(1+x+x^2+\ldots+x^{n-1})^r$ ના વિસ્તરણ $x^{n-r}$ નો સહગુણક

= $(1-x)^r (1+x+x^2+\ldots+x^{n-1})^r (1-x)^{-r}$ ના વિસ્તરણ $x^{n-r}$ નો સહગુણક

= $(1-x^n)^r (1-x)^{-r}$ ના વિસ્તરણમાં $x^{n-r}$ નો સહગુણક

= $(1-x)^{-r}$ ના વિસ્તરણમાં $x^{n-r}$ નો સહગુણક

= $\binom{r+n-r-1}{n-r} = \binom{n-1}{n-r} = \binom{n-1}{r-1}$

**(12) દરેક વ્યક્તિને ઓછામાં ઓછી $m$ વસ્તુઓ અને વધુમાં વધુ $k$ વસ્તુઓ મળે, તે રીતે $n$ સમાન વસ્તુઓ $r$ વ્યક્તિઓને વહેંચવાના પ્રકારની સંખ્યા :**

= $(x^m + x^{m+1} + x^{m+2} + \ldots + x^k)^r$ માં $x^n$ નો સહગુણક

**સુરેખ સમીકરણના ઉકેલોની સંખ્યા**

સમીકરણ $x_1 + x_2 + x_3 + \ldots + x_m = n$ ના અનૃણ પૂર્ણાંક ઉકેલોની સંખ્યા

= $(1 + x + x^2 + \ldots + + x^n)^r$ માં $x^n$ નો સહગુણક

= $(1-x)^r (1+x+x^2+\ldots+x^n)^r (1-x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= (1 - x^{n+1})^r (1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= (1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= \binom{n+r-1}{n}$

**(13) સરવાળો $n$ થાય તેવી $r$, ($r \geq 2$) પૂર્ણ સંખ્યાઓના ક્રમિત ગણોની સંખ્યા :**

**$(1+x + x^2 + ... + x^n)^r$ ના વિસ્તરણમાં $x^n$નો સહગુણક**

$= (1 - x)^r (1+x + x^2 + ... + x^n)^r (1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= (1 - x^{n+1})^r (1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= (1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક

$= \binom{n+r-1}{r-1} = \binom{n+r-1}{n}$

**(14)** એક પ્રકારની $m_1$ વસ્તુઓ, બીજા પ્રકારની $m_2$ વસ્તુઓ અને આ જ રીતે $r$ મા પ્રકારની $m_r$ વસ્તુઓના સમૂહમાંથી $n$ વસ્તુઓ પસંદ કરવાના પ્રકાર :

$= (1 + x + x^2 +...+ x^{m_1}) \times (1+ x + x^2 +...+ x^{m_2}) \times ... \times (1 + x + x^2 +...+ x^{m_r})$ માં $x^n$ નો સહગુણક

$= (1 - x)^{-r}$ ના વિસ્તરણમાં $x^n$ નો સહગુણક $= \binom{n+r-1}{n}$

**(15)** એક પ્રકારની $m_1$ વસ્તુઓ, બીજા પ્રકારની $m_2$ વસ્તુઓ અને આ જ રીતે $r$ મા પ્રકારની $m_r$ વસ્તુઓના સમૂહમાંથી દરેક પ્રકારની ઓછામાં ઓછી એક વસ્તુ પસંદ થાય જ એ રીતે $n$ વસ્તુઓ પસંદ કરવાના પ્રકાર :

$= (x + x^2 +...+ x^{m_1}) (x + x^2 +...+ x^{m_2}) \times ... \times (x + x^2 +...+ x^{m_r})$ માં $x^n$ નો સહગુણક

$= x^r (1+x + x^2 + ... + x^{m_1 -1}) (1+x + x^2 + ... + x^{m_2 -1}) \times ... \times (1+x + x^2 + ... + x^{m_r -1})$ માં $x^n$ નો સહગુણક

$= (1+x + x^2 + ... + x^{m_1 -1}) (1+x + x^2 + ... + x^{m_2 -1}) \times ... \times (1+x + x^2 + ... + x^{m_r -1})$ માં $x^{n-r}$ નો સહગુણક

$= (1 - x)^{-r}$ ના વિસ્તરણમાં $x^{n-r}$ નો સહગુણક

$= \binom{r+n-r-1}{n-r} = \binom{n-1}{n-r} = \binom{n-1}{r-1}$

**(16) બહુપદી પ્રમેય :**

$(a_1 + a_2 +...+ a_m)^n = \sum \frac{n!}{n_1 ! n_2 ! ... n_m !} a_1^{n_1} a_2^{n_2} ... a_m^{n_m}$ જ્યાં $n_1 + n_2 + n_3 + ...+ n_m = n$ તથા

$n_1, n_2, n_3, ... n_m$ અનૃણ પૂર્ણાંકો છે.

અહીં વિસ્તરણમાં પદોની સંખ્યા $= \binom{n+m-1}{m-1} = \binom{n+m-1}{n}$

- $(a + b + c)^n$ ના વિસ્તરણમાં પદોની સંખ્યા $= \binom{n+3-1}{3-1} = \binom{n+2}{2} = \frac{(n+2)(n+1)}{2} = \sum (n+1)$

**(17) દ્વિપદી સહગુણકો માટેનાં પરિણામો :**

- જો દ્વિપદી સહગુણકો $\binom{n}{r-1}, \binom{n}{r}, \binom{n}{r+1}$ સમાંતર શ્રેણીમાં હોય, તો $r = \frac{1}{2}\left(n+\sqrt{n+2}\right)$
- $(1 + x)^{2n}$ માં $x^n$ નો સહગુણક
  $= 2 \times \{(1 + x)^{2n-1}$ માં $x^n$ નો સહગુણક$\}$
- $(ax + by)^n$ ના વિસ્તરણમાં $x = y = 1$ લેતાં સહગુણકોનો સરવાળો $(a + b)^n$ મળે.
- $(x + y)^n$, $n \in N$, $x > 0$, $y > 0$ ના વિસ્તરણમાં મોટામાં મોટું પદ

  $T_m = T_{m+1}$ જો $m = \frac{(n+1)y}{x+y}$ ધન પૂર્ણાંક હોય, તો

  $T_{[m]+1}$, જો $m = \frac{(n+1)y}{x+y}$ ધન પૂર્ણાંક ન હોય, તો
- $(ax + by + cz)^n$ ના વિસ્તરણમાં $x = y = z = 1$ લેતાં સહગુણકોનો સરવાળો $(a + b + c)^n$ મળે.

**બહુ વિકલ્પી પ્રશ્નો**

(1) $(1 + x)^{-n}$ $(n \in N)$ ના વિસ્તરણમાં $x^r$ નો સહગુણક ..... છે. $(|x| < 1)$

(A) $\binom{n+r-1}{n+1}$ (B) $\binom{n+r-1}{r-1}$ (C) $\binom{n+r-1}{r}$ (D) $(-1)^r \binom{n+r-1}{r}$

**ઉકેલ :** $(1 + x)^{-n}$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = \frac{(-n)(-n-1)(-n-2)\dots(-n-r+1)}{r!}x^r$$

$$= \frac{(-1)^r\ n(n+1)(n+2)\dots(n+r-1)}{r!}x^r$$

$$= (-1)^r\binom{n+r-1}{r}x^r$$

$\therefore$ $x^r$ નો સહગુણક $(-1)^r \binom{n+r-1}{r}$ **જવાબ :** (D)

(2) $(1 - x)^{-n}$ $(n \in N)$ ના વિસ્તરણમાં $x^r$ નો સહગુણક ..... છે. $(|x| < 1)$

(A) $\binom{n+r-1}{r}$ (B) $\binom{n-r+1}{r}$ (C) $\binom{n+r-1}{n}$ (D) $(-1)^r \binom{n+r-1}{r}$

**ઉકેલ :** $(1 - x)^{-n}$ ના વિસ્તરણમાં વ્યાપક પદ

$$T_{r+1} = \frac{(-n)(-n-1)(-n-2)\dots(-n-r+1)}{r!}(-x)^r$$

$$= \frac{(-1)^r\ n(n+1)(n+2)\dots(n+r-1)(-1)^r}{r!}x^r$$

$= \binom{n+r-1}{r} x^r$ $\qquad n \in N$

$\therefore$ $x^r$ નો સહગુણક $= \binom{n+r-1}{r}$ **જવાબ :** (A)

(3) $(1 + 2x)^{-7}$ ના વિસ્તરણમાં $x^{10}$ નો સહગુણક ..... છે.

(A) $2^{10}\binom{17}{10}$ (B) $2^{10}\binom{16}{10}$ (C) $2^{10}\binom{16}{9}$ (D) $\binom{16}{6}$

**ઉકેલ :** અહીં $T_{r+1} = (-1)^r \binom{n+r-1}{r} (2x)^r$

$T_{11} = (-1)^{10} \binom{7+10-1}{10} 2^{10} x^{10}$ $\qquad [n = 7, r = 10]$

$= 2^{10}\binom{16}{10} x^{10}$

$\therefore$ $x^{10}$ નો સહગુણક $= 2^{10}\binom{16}{10}$ **જવાબ :** (B)

(4) જો $(1 - x + x^2)^{-3} = a_0 + a_1x + a_2x^2 + ...$ તો $\sum_{r=0}^{6} a_r = .....$ $(|x| < 1)$

(A) 38 (B) 10 (C) –10 (D) –7

**ઉકેલ :** $(1 - x + x^2)^{-3} = (1 + x)^3 (1 + x)^{-3} (1 - x + x^2)^{-3}$

$= (1 + x)^3 (1 + x^3)^{-3}$

$= (1 + 3x + 3x^2 + x^3) (1 - 3x^3 + 6x^6 - ...)$

$\therefore \sum_{r=0}^{6} a_r = a_0 + a_1 + a_2 + a_3 + a_4 + a_5 + a_6$

$= 1 + 3 + 3 + (-3 + 1) + 3(-3) + 3(-3) + (-3 + 6) = -10$ **જવાબ :** (C)

(5) $(1 + x)^{40}\left(1+\frac{1}{x}\right)^{40}$ ના વિસ્તરણમાં $x^{-2}$ નો સહગુણક ...... છે.

(A) $\binom{107}{38}$ (B) $\binom{80}{37}$ (C) $\frac{80!}{38!}$ (D) $\binom{80}{38}$

**ઉકેલ :** $(1 + x)^{40}\left(1+\frac{1}{x}\right)^{40}$ ના વિસ્તરણમાં $x^{-2}$ નો સહગુણક

$= x^{-40} (1 + x)^{80}$ ના વિસ્તરણમાં $x^{-2}$ નો સહગુણક

$= (1 + x)^{80}$ ના વિસ્તરણમાં $x^{38}$ નો સહગુણક $= \binom{80}{38}$ **જવાબ :** (D)

(6) $\sum_{r=0}^{n} r \binom{n}{r} \left(\frac{2}{7}\right)^{r} \left(\frac{5}{7}\right)^{n-r} = ......$

(A) 1 (B) $\frac{5n}{7}$ (C) $\frac{2n}{7}$ (D) 0

**ઉકેલ :** $\sum_{r=0}^{n} r \binom{n}{r} \left(\frac{2}{7}\right)^{r} \left(\frac{5}{7}\right)^{n-r}$

$$= \sum_{r=0}^{n} r \frac{n!}{(n-r)!r!} \left(\frac{2}{7}\right)^{r} \left(\frac{5}{7}\right)^{n-r}$$

$$= n \times \frac{2}{7} \sum_{r=0}^{n} \frac{(n-1)!}{(n-r)!(r-1)!} \left(\frac{2}{7}\right)^{r-1} \left(\frac{5}{7}\right)^{n-r}$$

$$= \frac{2n}{7} \sum_{r=0}^{n} \binom{n-1}{r-1} \left(\frac{2}{7}\right)^{r-1} \left(\frac{5}{7}\right)^{n-r}$$

$$= \frac{2n}{7} \left(\frac{5}{7}+\frac{2}{7}\right)^{n-1} = \frac{2n}{7}$$

**જવાબ :** (C)

**નોંધ :** વ્યાપકરૂપે જો $a + b = 1$ તો $\sum_{r=0}^{n} r \binom{n}{r} a^r b^{n-r} = na$

(7) જો $x > 0, y > 0$ તો $\sum_{r=1}^{\infty} \left(\frac{x}{2x+3y}\right)^{r-1} = ......$

(A) $\frac{2x+3y}{2x+y}$ (B) $\frac{2x+3y}{x+3y}$ (C) $\frac{2x}{x+3y}$ (D) $\frac{3y}{2x+3y}$

**ઉકેલ :** ધારો કે $\frac{x}{2x+3y} = a$ તો $0 < a < 1$ કારણ કે $x > 0, y > 0$

હવે $\sum_{r=1}^{\infty} \left(\frac{x}{2x+3y}\right)^{r-1} = \sum_{r=1}^{\infty} a^{r-1} = a^0 + a^1 + a^2 + ...$ અનંત પદ

$$= \frac{1}{1-a} \qquad 0 < a < 1$$

$$= \frac{1}{1-\left(\frac{x}{2x+3y}\right)}$$

$$= \frac{2x+3y}{2x+3y-x}$$

$$= \frac{2x+3y}{x+3y}$$

**જવાબ :** (B)

(8) $(a + 2b)^3 (2a - b)^4$ ના વિસ્તરણમાં $a^3b^4$ નો સહગુણક ...... છે.

(A) 15 (B) –15 (C) –16 (D) 593

**ઉકેલ :** $(a + 2b)^3 (2a - b)^4 = (a^3 + 6a^2b + 12ab^2 + 8b^3) \times (16a^4 - 32a^3b + 24a^2b^2 - 8ab^3 + b^4)$

$\therefore$ $a^3b^4$ નો સહગુણક $= 1 \times 1 + 6 \times (-8) + 12 \times 24 + 8(-32)$

$= 1 - 48 + 288 - 256 = -15$ **જવાબ :** (B)

(9) $\sum_{r=0}^{70} \binom{70}{r} (x-5)^{70-r} 4^r$ ના વિસ્તરણમાં $x^9$ નો સહગુણક ...... છે.

(A) $-\binom{70}{8}$ (B) $\binom{70}{9}$ (C) $-\binom{70}{61}$ (D) 0

**ઉકેલ :** $\sum_{r=0}^{70} \binom{70}{r} (x-5)^{70-r} \cdot 4^r$

$= (x - 5 + 4)^{70} = (x-1)^{70} = (1-x)^{70}$ ના વિસ્તરણમાં વ્યાપક પદ $T_{r+1}$ હોય તો,

$\therefore \quad T_{r+1} = \binom{70}{r} (-x)^r$

$r = 9$ લેતાં, $T_{10} = \binom{70}{9} (-x)^9 = -\binom{70}{61} x^9$

$\therefore$ $x^9$ નો સહગુણક $= -\binom{70}{61}$ **જવાબ :** (C)

(10) $1 \cdot \frac{\binom{n}{1}}{\binom{n}{0}} + 2 \frac{\binom{n}{2}}{\binom{n}{1}} + 3 \frac{\binom{n}{3}}{\binom{n}{2}} + \ldots + 31 \frac{\binom{n}{31}}{\binom{n}{30}} = \ldots\ldots$

(A) $30n - 465$ (B) $15(2n - 31)$ (C) $31n - 15$ (D) $31(n - 15)$

**ઉકેલ :** $r \cdot \frac{\binom{n}{r}}{\binom{n}{r-1}} = r \cdot \frac{n!}{(n-r)!r!} \times \frac{(n-r+1)!(r-1)!}{n!} = n - r + 1$

માગેલ સરવાળો $= \sum_{r=1}^{31} r \cdot \frac{\binom{n}{r}}{\binom{n}{r-1}} = \sum_{r=1}^{31} (n - r + 1)$

$= n + (n-1) + (n-2) + \ldots + (n-30) = \frac{1}{2}(31)(n - 30 + n)$

$= (31)(n - 15)$ **જવાબ :** (D)

(11) $\dfrac{\binom{2n}{1}}{n} + \dfrac{\binom{2n}{2}}{n^2} + \dfrac{\binom{2n}{3}}{n^3} + \ldots$ $2n$ પદ = ......

(A) $\left(\frac{n+1}{n}\right)^{2n} - 1$ (B) $\left(\frac{n+1}{n}\right)^{2n}$ (C) $\left(\frac{n}{n+1}\right)^{2n} - 1$ (D) $\left(\frac{n+1}{n}\right)^{2n+1} - 1$

**ઉકેલ :** $(1 + x)^n = \binom{n}{0} + \binom{n}{1}x + \binom{n}{2}x^2 + \ldots + \binom{n}{n}x^n$

$\therefore \left(1+\frac{1}{n}\right)^{2n} = \binom{2n}{0} + \binom{2n}{1}\frac{1}{n} + \binom{2n}{2}\frac{1}{n^2} + \ldots + \binom{2n}{2n}\frac{1}{n^{2n}}$

$\therefore \dfrac{\binom{2n}{1}}{n} + \dfrac{\binom{2n}{2}}{n^2} + \dfrac{\binom{2n}{3}}{n^3} + \ldots$ $2n$ પદ $= \left(1+\frac{1}{n}\right)^{2n} - 1 = \left(\frac{n+1}{n}\right)^{2n} - 1$ **જવાબ :** (A)

(12) જો $|x|$ એટલો નાનો હોય કે જેથી $\left(\frac{1+3x}{1-2x}\right)^2 = 1 + kx$, તો $k =$ ......

(A) 2 (B) –10 (C) 10 (D) –2

**ઉકેલ :** $\left(\frac{1+3x}{1-2x}\right)^2 = (1 + 3x)^2 (1 - 2x)^{-2}$

$= (1 + 6x + 9x^2)(1 + 4x + \ldots)$

$k$ = વિસ્તરણમાં $x$ નો સહગુણક $= 1 \times 4 + 6 \times 1 = 10$ **જવાબ :** (C)

(13) જો ...... તો $\frac{1}{\sqrt[5]{7-3x}}$ નું $x$ ની ઘાતના સ્વરૂપમાં વિસ્તરણ થઈ શકે.

(A) $|x| < \frac{7}{3}$ (B) $|x| < \frac{11}{3}$ (C) $|x| > \frac{7}{3}$ (D) $|x| > \frac{3!}{7}$

**ઉકેલ :** $\frac{1}{\sqrt[5]{7-3x}} = 7^{\frac{-1}{5}}\left(1-\frac{3x}{7}\right)^{\frac{-1}{5}}$ નું $x$ ની ઘાતના સ્વરૂપમાં વિસ્તરણ થઈ શકે, તે માટેની શરત $\left|\frac{3x}{7}\right| < 1$ છે.

એટલે કે $|x| < \frac{7}{3}$ **જવાબ :** (A)

(14) જો $(1 + x)^n = \sum_{r=0}^{n} c_r\, x^r$ તો $\sum_{r=0}^{200} \frac{c_r}{r+1} =$ ......

(A) $\frac{2^{201}+1}{201}$ (B) $\frac{2^{200}-1}{200}$ (C) $\frac{2^{201}}{201}$ (D) $\frac{2^{201}-1}{201}$

ઉકેલ : $(1+x)^{200} = \sum_{r=0}^{200} c_r\ x^r$

$= c_0 + c_1 x + c_2 x^2 + ... + + c_{200} x^{200}$

$\therefore \int_0^1 (1+x)^{200}\, dx = \int_0^1 (c_0 + c_1 x + c_2 x^2 + ... + c_{200} x^{200})\, dx$

$\therefore \left[\frac{(1+x)^{201}}{201}\right]_0^1 = \left[c_0 x + c_1 \frac{x^2}{2} + c_2 \frac{x^3}{3} + ... + + c_{200} \frac{x^{201}}{201}\right]_0^1$

$\therefore \frac{2^{201}}{201} - \frac{1}{201} = c_0 + \frac{c_1}{2} + \frac{c_2}{3} + ... + \frac{c_{200}}{201}$

$\therefore \sum_{r=0}^{200} \frac{c_r}{r+1} = \frac{2^{201}-1}{201}$ **જવાબ :** (D)

(15) $(1+x)^5 + (1+x)^6 + (1+x)^7 + ... + (1+x)^{50}$ માં $x^{25}$ નો સહગુણક ...... છે.

(A) $\binom{50}{25}$ (B) $\binom{51}{26}$ (C) $\binom{51}{25} - 1$ (D) $\binom{46}{25}$

ઉકેલ : અહીં સમગુણોત્તર શ્રેણીનાં 46 પદોનો સરવાળો છે. પ્રથમ પદ $(1+x)^5$ તથા સામાન્ય ગુણોત્તર $1+x$ છે.

$\therefore$ માંગેલ સહગુણક = $\frac{(1+x)^5 \{(1+x)^{46} - 1\}}{(1+x)-1}$ માં $x^{25}$ નો સહગુણક

= $(1+x)^{51} - (1+x)^5$ માં $x^{26}$ નો સહગુણક

= $\binom{51}{26} - 0 = \binom{51}{26}$ **જવાબ :** (B)

**નોંધ :** વ્યાપકરૂપે $\sum_{i=r}^{n} (1+x)^i$ માં $x^m$ નો સહગુણક = $\binom{n+1}{m+1}$ જ્યાં $r \le m \le n$

(16) $(1-2x)^{-2}$ ના વિસ્તરણમાં $x^7$ નો સહગુણક ...... છે.

(A) 128 (B) 1024 (C) – 1024 (D) 512

ઉકેલ : $T_{r+1} = \frac{(-2)(-3)(-4)...(-2-r+1)}{r!} (-2x)^r$

$= \frac{(-1)^r (2)(3)(4)...(r+1)(-1)^r 2^r x^r}{r!}$

$= \frac{(-1)^{2r} (r+1) r! 2^r}{r!} x^r$

$= (r+1)\, 2^r x^r$

r = 7 લેતાં, $T_8 = (7+1)\, 2^7 x^7 = 8 \times 128 x^7 = 1024\ x^7$

$x^7$ નો સહગુણક = 1024 **જવાબ :** (B)

(17) $\dfrac{1}{\binom{101}{0}} - \dfrac{1}{\binom{101}{1}} + \dfrac{1}{\binom{101}{2}} - \dfrac{1}{\binom{101}{3}} + ...+ \dfrac{(-1)^{101}}{\binom{101}{101}}$ = ......

(A) $\dfrac{100}{\binom{101}{50}}$ (B) –1 (C) 1 (D) 0

**ઉકેલ :** S $= \left\{\dfrac{(-1)^0}{\binom{101}{0}} + \dfrac{(-1)^{101}}{\binom{101}{101}}\right\} + \left\{\dfrac{(-1)^1}{\binom{101}{1}} + \dfrac{(-1)^{100}}{\binom{101}{100}}\right\} + ... + \left\{\dfrac{(-1)^{50}}{\binom{101}{50}} + \dfrac{(-1)^{51}}{\binom{101}{51}}\right\}$

$= \left\{\dfrac{1-1}{\binom{101}{0}}\right\} + \left\{\dfrac{-1+1}{\binom{101}{1}}\right\} + ...+ \left\{\dfrac{1-1}{\binom{101}{50}}\right\} = 0 + 0 + ...+ 0 = 0$ **જવાબ :** (D)

**નોંધ :** વ્યાપકરૂપે $\sum\limits_{r=0}^{n} \dfrac{(-1)^r}{\binom{n}{r}} = 0$ (જો $n$ અયુગ્મ હોય તો,)

(18) $2\binom{n}{2} + 4\binom{n}{4} + 6\binom{n}{6} + ...$ = ......

(A) $n \times 2^{n+1}$ (B) $n\, 2^{n-1}$ (C) $n \times 2^{n-2}$ (D) $n \times 2^{n+2}$

**ઉકેલ :** $2\binom{n}{2} + 4\binom{n}{4} + 6\binom{n}{6} + ...$

$= 2\,\dfrac{n(n-1)}{2} + 4\,\dfrac{n(n-1)(n-2)(n-3)}{24} + ...$

$= n\left[(n-1) + \dfrac{(n-1)(n-2)(n-3)}{6} + \dfrac{(n-1)(n-2)(n-3)(n-4)(n-5)}{120} + ....\right]$

$= n\left[\binom{n-1}{1} + \binom{n-1}{3} + \binom{n-1}{5} + ...\right] = n \times 2^{n-2}$

**નોંધ :** $\sum\limits_{r=1}^{\left[\frac{n}{2}\right]} 2r\binom{n}{2r} = n \cdot 2^{n-2} \Rightarrow \sum\limits_{r=1}^{\left[\frac{n}{2}\right]} r\binom{n}{2r} = n \cdot 2^{n-3}$ **જવાબ :** (C)

(19) $(1 + x)^n$ ના વિસ્તરણમાં $\binom{n}{0}\binom{n}{r} + \binom{n}{1}\binom{n}{r+1} + ... + \binom{n}{n-r}\binom{n}{n}$ = ......

(A) $\binom{2n}{r-1}$ (B) $\binom{2n}{r}$ (C) $\binom{2n}{n-r}$ (D) $\binom{2n}{n-r+1}$

ઉકેલ : $(1 + x)^n \times (x + 1)^n = (1 + x)^{2n}$

$$\therefore \quad \left[\binom{n}{0} + \binom{n}{1} x + \binom{n}{2} x^2 + \ldots + \binom{n}{n-1} x^{n-1} + \binom{n}{n} x^n \right] \times$$

$$\left[\binom{n}{0}x^n + \binom{n}{1}x^{n-1} + \binom{n}{2}x^{n-2} + \ldots + \binom{n}{n-1}x + \binom{n}{n}x^0 \right]$$

$$= \binom{2n}{0} + \binom{2n}{1}x + \ldots + \binom{2n}{r} x^r + \ldots + \binom{2n}{2n} x^{2n}$$

બંને બાજુ $x^{n-r}$ ના સહગુણકો સરખાવતાં

$$\binom{n}{0}\binom{n}{r} + \binom{n}{1}\binom{n}{r+1} + \ldots + \binom{n}{n-r}\binom{n}{n} = \binom{2n}{n-r}$$

**જવાબ :** (C)

(20) $\binom{n}{1}^2 + 2\binom{n}{2}^2 + 3\binom{n}{3}^2 + \ldots + + n\binom{n}{n}^2 = \ldots\ldots$

(A) $\dfrac{(2n-1)!}{[(n-1)!]^2}$ (B) $n\binom{2n}{n}$ (C) $\dfrac{(2n-1)!}{(n-1)!}$ (D) $\dfrac{(2n-1)!}{n!}$

ઉકેલ : ધારો કે $S = 0\binom{n}{0}^2 + 1\binom{n}{1}^2 + 2\binom{n}{2}^2 + \ldots + + n\binom{n}{n}^2$ (1)

$$\therefore S = n\binom{n}{n}^2 + (n-1)\binom{n}{n-1}^2 + (n-2)\binom{n}{n-2}^2 + \ldots + 0\binom{n}{0}^2$$

$$= n\binom{n}{0}^2 + (n-1)\binom{n}{1}^2 + (n-2)\binom{n}{2}^2 + \ldots + 0\binom{n}{n}^2 \quad (2)$$

$$\therefore 2S = n\left[\binom{n}{0}^2 + \binom{n}{1}^2 + \binom{n}{2}^2 + \ldots + \binom{n}{n}^2\right]$$

$= n \times [(1 + x)^n (x + 1)^n$ ના વિસ્તરણમાં $x^n$ નો સહગુણક]

$= n \times [(1 + x)^{2n}$ ના વિસ્તરણમાં $x^n$ નો સહગુણક]

$$= n \times \binom{2n}{n}$$

$$= n \times \frac{(2n)!}{n!n!}$$

$$\therefore S = \frac{n \times 2n(2n-1)!}{2 \times n(n-1)!n(n-1)!}$$

$$= \frac{(2n-1)!}{[(n-1)!]^2}$$

**જવાબ :** (A)

(21) જો $(1 + x)^{100} = c_0 + c_1x + c_2x^2 + ... + c_{100}x^{100}$ તો $2^1 \frac{c_0}{1} + 2^2 \frac{c_1}{2} + 2^3 \frac{c_2}{3} + ... + 2^{101} \frac{c_{100}}{101} = ......$

(A) $\frac{2^{101} - 1}{101}$ (B) $\frac{3^{101} - 1}{101}$ (C) $\frac{3^{101}}{101}$ (D) $\frac{3^{101} + 1}{101}$

**ઉકેલ :** $\int_0^2 [c_0 + c_1x + c_2x^2 + ... + c_{100}x^{100}]\, dx = \int_0^2 (1 + x)^{100}\, dx$

$$\therefore \left[c_0 x + c_1 \frac{x^2}{2} + c_2 \frac{x^3}{3} + ... + c_{100} \frac{x^{101}}{101}\right]_0^2 = \left[\frac{(1+x)^{101}}{101}\right]_0^2$$

$$\therefore 2\, c_0 + \frac{2^2}{2} c_1 + \frac{2^3}{3} c_2 + ... + \frac{2^{101}}{101} c_{100} = \frac{3^{101} - 1}{101}$$

**જવાબ :** (B)

(22) $\sum_{r=0}^{n} (-1)^r (a - r) \binom{n}{r} = ......$

(A) $a$ (B) $na$ (C) 0 (D) $a + 1$

**ઉકેલ :** $\sum_{r=0}^{n} (-1)^r (a - r) \binom{n}{r} = (a - 0) \binom{n}{0} - (a - 1) \binom{n}{1} + (a - 2) \binom{n}{2} + ... + (-1)^n (a - n) \binom{n}{n}$

$$= a \left[\binom{n}{0} - \binom{n}{1} + \binom{n}{2} - ... + (-1)^n \binom{n}{n}\right] + \left[\binom{n}{1} - 2\binom{n}{2} + 3\binom{n}{3} - ... + (-1)^n n \binom{n}{n}\right] \quad \text{(i)}$$

હવે $(1 - x)^n = \binom{n}{0} - \binom{n}{1}x + \binom{n}{2}x^2 - ... + (-1)^n \binom{n}{n} x^n$ (ii)

$x = 1$ લેતાં, $0 = \binom{n}{0} - \binom{n}{1} + \binom{n}{2} - ... + (-1)^n \binom{n}{n}$ (iii)

સમીકરણ (ii)નું બંને બાજુ $x$ ને સાપેક્ષ વિકલન કરતાં

$$-n(1 - x)^{n-1} = -\binom{n}{1} + 2\binom{n}{2}x - 3x^2 \binom{n}{3} + ... + (-1)^n nx^{n-1} \binom{n}{n}$$

$x = 1$ લેતાં, $0 = -\binom{n}{1} + 2\binom{n}{2} - 3\binom{n}{3} + ... + (-1)^n n \binom{n}{n}$

$$\therefore 0 = \binom{n}{1} - 2\binom{n}{2} + 3\binom{n}{3} - ... - (-1)^n n \binom{n}{n} \quad \text{(iv)}$$

પરિણામ (i), (iii), (iv) પરથી

$$\sum_{r=0}^{n} (-1)^r (a - r) \binom{n}{r} = a(0) + 0 = 0$$

**જવાબ :** (C)

(23) જો $\binom{n+1}{1}\binom{n+1}{2}\binom{n+1}{3}\ldots\binom{n+1}{n} = \ldots\ldots$

(A) $(n+1)^n \binom{n}{1}\binom{n}{2}\ldots\binom{n}{n}$ (B) $n^n \binom{n}{1}\binom{n}{2}\ldots\binom{n}{n}$

(C) $\frac{(n+1)^n}{n!}\binom{n}{1}\binom{n}{2}\ldots\binom{n}{n}$ (D) $\frac{(n-1)^n}{n!}\binom{n}{1}\binom{n}{2}\ldots\binom{n}{n}$

**ઉકેલ :** $\binom{n+1}{r} = \frac{(n+1)!}{r!(n+1-r)!} = \frac{(n+1)\ n!}{(n+1-r)(n-r)!r!}$

$$= \frac{n+1}{n+1-r} \times \binom{n}{r}$$

$\therefore \binom{n+1}{1}\binom{n+1}{2}\binom{n+1}{3}\ldots\binom{n+1}{n}$

$= \frac{n+1}{n}\binom{n}{1} \times \frac{n+1}{n-1}\binom{n}{2} \times \frac{n+1}{n-2}\binom{n}{3} \times \ldots \times \frac{n+1}{1}\binom{n}{n}$

$= \frac{(n+1)^n}{n!} \times \binom{n}{1}\binom{n}{2}\ldots\binom{n}{n}$ **જવાબ :** (C)

(24) જો $(1 + x)^n = c_0 + c_1x + c_2x^2 + \ldots + c_nx^n$ તો $c_0 - \frac{1}{2}c_1 + \frac{1}{3}c_2 - \ldots + (-1)^n \frac{1}{n+1}c_n = \ldots\ldots$

(A) $\frac{2}{n+1}$ (B) $\frac{2^{n+1}+1}{n+1}$ (C) $\frac{2^{n+1}-1}{n+1}$ (D) $\frac{1}{n+1}$

**ઉકેલ :** $c_0 - \frac{1}{2}c_1 + \frac{1}{3}c_2 - \ldots + (-1)^n \frac{1}{n+1}c_n$

$= \binom{n}{0} - \frac{1}{2}\binom{n}{1} + \frac{1}{3}\binom{n}{2} - \ldots + (-1)^n \frac{1}{n+1}\binom{n}{n}$

$= 1 - \frac{1}{2}n + \frac{n(n-1)}{6} - \ldots + (-1)^n \frac{1}{n+1}$

$= \frac{1}{n+1}\left[(n+1) - \frac{n(n+1)}{2} + \frac{(n+1)n(n-1)}{6} \ldots + (-1)^n\right]$

$= \frac{1}{n+1}\left[\binom{n+1}{1} - \binom{n+1}{2} + \binom{n+1}{3} - \ldots + (-1)^n\binom{n+1}{n+1}\right]$

$$= \frac{1}{n+1}\left[1-\left\{\binom{n+1}{0}-\binom{n+1}{1}+\binom{n+1}{2}-\ldots+(-1)^{n+1}\binom{n+1}{n+1}\right\}\right]$$

$$= \frac{1}{n+1}[1-(1-1)^{n+1}]$$

$$= \frac{1}{n+1}[1-0]$$

$$= \frac{1}{n+1}$$

**જવાબ :** (D)

→ **બીજી રીત :**

$$(1-x)^n = \binom{n}{0} - \binom{n}{1}x + \binom{n}{2}x^2 - \ldots + (-1)^n \binom{n}{n}x^n$$

$$= c_0 - c_1x + c_2x^2 - \ldots + (-1)^n c_nx^n$$

$$\therefore \int_0^1 (1-x)^n\, dx = \int_0^1 (c_0 - c_1x + c_2x^2 - \ldots + (-1)^n c_nx^n)\, dx$$

$$\therefore \left[\frac{-(1-x)^{n+1}}{n+1}\right]_0^1 = \left[c_0\, x - c_1\frac{x^2}{2} + c_2\frac{x^3}{3} - \ldots + (-1)^n\, \frac{c_nx^{n+1}}{n+1}\right]_0^1$$

$$\therefore 0 + \frac{1}{n+1} = c_0 - \frac{c_1}{2} + \frac{c_2}{3} - \ldots + \frac{(-1)^n}{n+1}$$

$$\therefore c_0 - \frac{1}{2}c_1 + \frac{1}{3}c_2 - \ldots + \frac{(-1)^n}{n+1} = \frac{1}{n+1}$$

**જવાબ :** (D)

(25) એક પરીક્ષક કોઈપણ પ્રશ્નમાં 2 થી ઓછા ગુણ આપ્યા સિવાય, 8 પ્રશ્નમાં 25 ગુણ કેટલી રીતે આપી શકે ?

(A) $\binom{16}{8}$ (B) ${}_{16}P_7$ (C) $\binom{17}{9}$ (D) $\binom{16}{7}$

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

= સરવાળો 25 થાય તેવી 1 કરતાં મોટી આઠ પૂર્ણાંક સંખ્યાઓ શોધવાના પ્રકારોની સંખ્યા

= $(x^2 + x^3 + x^4 + \ldots)^8$ માં $x^{25}$ નો સહગુણક

= $x^{16}(1 + x + x^2 + \ldots)^8$ માં $x^{25}$ નો સહગુણક

= $(1 + x + x^2 + \ldots)^8$ માં $x^9$ નો સહગુણક

= $(1-x)^{-8}$ માં $x^9$ નો સહગુણક $(1 + x + x^2 + \ldots = (1-x)^{-1})$

$$= \binom{9+8-1}{9} = \binom{16}{9} = \binom{16}{7}$$

**જવાબ :** (D)

(26) 12 સમાન પેનો 5 વિદ્યાર્થીઓને કુલ કેટલી રીતે વહેંચી શકાય ?

(A) $\binom{11}{4}$ (B) $\binom{16}{4}$ (C) $\binom{16}{5}$ (D) ${}_{16}P_4$

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

= જેમનો સરવાળો 12 થાય તેવી 5 પૂર્ણ સંખ્યાઓ શોધવાના પ્રકારોની સંખ્યા

= $(1 + x + x^2 + ...+ x^{12})^5$ માં $x^{12}$ નો સહગુણક

= $(1 - x)^5 (1 + x + x^2 + ...+ x^{12})^5 (1 - x)^{-5}$ માં $x^{12}$ નો સહગુણક

= $(1 - x^{13})^5 (1 - x)^{-5}$ માં $x^{12}$ નો સહગુણક

= $(1 - x)^{-5}$ માં $x^{12}$ નો સહગુણક $[(1 - x^{13})^5 = 1 - 5x^{13} + 10x^{26} ...]$

= $\binom{12+5-1}{12}$ $[(1 - x)^{-r}$ માં $x^n$ નો સહગુણક $= \binom{n+r-1}{n}, r \in N]$

= $\binom{16}{12} = \binom{16}{4}$ **જવાબ :** (B)

(27) એક રૂપિયાના 20 સિક્કા, બે રૂપિયાના 15 સિક્કા અને પાંચ રૂપિયાના 10 સિક્કામાંથી 4 સિક્કા કુલ કેટલી રીતે પસંદ કરી શકાય ?

(A) 21 (B) 20 (C) 30 (D) 15

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

= $(1 + x + x^2 + ... + x^{20}) \times (1 + x + x^2 + ... + x^{15}) \times (1 + x + x^2 + ... + x^{10})$ માં $x^4$નો સહગુણક

= $\frac{(1-x^{21})}{1-x} \times \frac{(1-x^{16})}{1-x} \times \frac{(1-x^{11})}{1-x}$ માં $x^4$નો સહગુણક

= $(1 - x^{21}) (1 - x^{16}) (1 - x^{11}) (1 - x)^{-3}$ માં $x^4$નો સહગુણક

= $(1 - x)^{-3}$ માં $x^4$નો સહગુણક ($(1 - x^{21}) (1 - x^{16}) (1 - x^{11})$ ના વિસ્તરણમાં પ્રથમ પદ 1 આવે બાકીનાં બધાં જ પદોમાં $x$ નો ઘાતાંક 4 કરતાં મોટો જ હોય.)

= $\binom{4+3-1}{4} = \binom{6}{4} = \binom{6}{2} = \frac{6\times5}{2} = 15$ **જવાબ :** (D)

(28) ગણિત, ભૌતિક અને રસાયણ વિષયનાં પુસ્તકોના સમૂહમાં દરેક વિષયનાં ઓછામાં ઓછા 10 પુસ્તકો (ધોરણ-12ના) છે. આ સમૂહમાંથી 5 પુસ્તકો કેટલી રીતે પસંદ કરી શકાય ?

(A) 21 (B) 6 (C) 42 (D) 24

**ઉકેલ :** 5 પુસ્તકો પસંદ કરવાના કુલ પ્રકાર

= $(1 + x + x^2 + ...)^3$ માં $x^5$ નો સહગુણક

= $(1 - x)^{-3}$ માં $x^5$ નો સહગુણક $(1 + x + x^2 + ... = (1 - x)^{-1})$

$$= \binom{5+3-1}{5}$$

$$= \binom{7}{5} = \binom{7}{2} = 21$$

**જવાબ :** (A)

(29) અસંખ્ય લાલ, સફેદ, કાળા અને લીલા દડાઓમાંથી દરેક રંગના દડા આવે તે રીતે 11 દડા પસંદ કરવાના પ્રકાર કેટલા થાય ?

(A) 165 (B) 120 (C) 330 (D) અસંખ્ય

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

= $(x + x^2 + x^3 + ...)^4$ માં $x^{11}$ નો સહગુણક

= $(1 + x + x^2 + ...)^4$ માં $x^7$ નો સહગુણક

= $(1 - x)^{-4}$ માં $x^7$ નો સહગુણક

$$= \binom{7+4-1}{7} = \binom{10}{7} = \binom{10}{3} = \frac{10 \times 9 \times 8}{6} = 120$$

**જવાબ :** (B)

(30) એક વિદ્યાર્થી ત્રણ વિષયની પરીક્ષા આપે છે. દરેક વિષયના પેપર મહત્તમ $n$ ગુણના છે. તે $2n$ ગુણ કેટલી રીતે મેળવી શકે ?

(A) $\frac{(n+1)(n+2)}{2}$ (B) $\frac{n(n+1)}{2}$ (C) $\binom{3n}{2n}$ (D) $n(n+1)(n+2)$

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

= $(1 + x + x^2 + ...+ x^n)^3$ માં $x^{2n}$ નો સહગુણક

= $(1 - x)^3 (1 + x + x^2 + ...+ x^n)^3 (1 - x)^{-3}$ માં $x^{2n}$ નો સહગુણક

= $(1 - x^{n+1})^3 (1 - x)^{-3}$ માં $x^{2n}$ નો સહગુણક

= $(1 - 3x^{n+1} + ...)(1 - x)^{-3}$ માં $x^{2n}$ નો સહગુણક

= $(1 - x)^{-3}$ માં $x^{2n}$ નો સહગુણક $-3 \times (1 - x)^{-3}$ માં $x^{2n-n-1}$ નો સહગુણક

$$= \binom{2n+3-1}{2n} - 3\binom{n-1+3-1}{n-1}$$

$$= \binom{2n+2}{2n} - 3\binom{n+1}{n-1} = \binom{2n+2}{2} - 3\binom{n+1}{2} = \frac{(2n+2)(2n+1)}{2} - 3\,\frac{(n+1)n}{2}$$

$$= \frac{(n+1)}{2}(4n + 2 - 3n) = \frac{(n+1)(n+2)}{2}$$

**જવાબ :** (A)

(31) જો $a$ અને $b$ ધન પૂર્ણાંકો હોય, તો $\binom{a}{r} + \binom{a}{r-1}\binom{b}{1} + \binom{a}{r-2}\binom{b}{2} + \ldots + \binom{b}{r} = \ldots\ldots$

(A) $\binom{a+b}{r+1}$ (B) $\binom{a+b}{r}$ (C) $\frac{(a+b)!}{r!}$ (D) $\frac{a!b!}{r!}$

**ઉકેલ :** $(1 + x)^a (1 + x)^b = (1 + x)^{a+b}$ નું બંને બાજુ વિસ્તરણ કરતાં,

$$\left[\binom{a}{0}+\binom{a}{1}x+\binom{a}{2}x^2+\ldots+\binom{a}{a}x^a\right]\left[\binom{b}{0}+\binom{b}{1}x+\binom{b}{2}x^2+\ldots+\binom{b}{b}x^b\right]$$

$$= \binom{a+b}{0} + \binom{a+b}{1}x + \binom{a+b}{2}x^2 + \ldots + \binom{a+b}{a+b}x^{a+b}$$

બંને બાજુ $x^r$ નો સહગુણક સરખાવતાં,

$$\therefore \binom{a}{r}\binom{b}{0} + \binom{a}{r-1}\binom{b}{1} + \binom{a}{r-2}\binom{b}{2} + \ldots + \binom{a}{0}\binom{b}{r} = \binom{a+b}{r}$$

$\therefore$ માંગેલ સરવાળો $= \binom{a+b}{r}$ **જવાબ :** (B)

(32) અસંખ્ય લાલ, પીળા અને વાદળી રંગના સમાન દડામાંથી 12 દડા પસંદ કરવાના પ્રકાર ...... છે.

(A) 105 (B) 55 (C) 91 (D) અસંખ્ય

**ઉકેલ :** માંગેલ પ્રકારોની સંખ્યા

$= (1 + x + x^2 + \ldots)^3$ માં $x^{12}$ નો સહગુણક

$= (1 - x)^{-3}$ માં $x^{12}$ નો સહગુણક ($1 + x + x^2 + \ldots$ અનંત પદ $= (1 - x)^{-1}$)

$= \binom{12+3-1}{12} = \binom{14}{12} = \binom{14}{2} = \frac{14\times13}{2} = 91$ **જવાબ :** (C)

(33) શબ્દ ASSASSINATION શબ્દના અક્ષરોમાંથી 4 અક્ષરો કુલ કેટલી રીતે પસંદ કરી શકાય ?

(A) 60 (B) 72 (C) 80 (D) 71

**ઉકેલ :** S, A, N, I, T, O માંથી ચાર ભિન્ન અક્ષરો પસંદ કરવાના પ્રકારની સંખ્યા $= \binom{6}{4} = \binom{6}{2} = 15$

(ઉદાહરણ તરીકે SANI, AITO વગેરે.)

બે સમાન અને બે ભિન્ન અક્ષરો પસંદ કરવાના પ્રકારની સંખ્યા $= \binom{4}{1}\binom{5}{2} = 40$

(ઉદાહરણ તરીકે SSAN, AATO, NIIO વગેરે.)

બે સમાન અક્ષરોની બે જોડ પસંદ કરવાના પ્રકારની સંખ્યા $= \binom{4}{2} = 6$

(ઉદાહરણ તરીકે SSAA, NNII, AANN વગેરે.)

ત્રણ સમાન અક્ષરો અને એક અક્ષર અન્ય હોય તેવી પસંદગીના પ્રકારની સંખ્યા = $\binom{2}{1}\binom{5}{1} = 10$

(ઉદાહરણ તરીકે SSSA, AAAI, AAAN વગેરે.)

પસંદગીના કુલ પ્રકારની સંખ્યા = 15 + 40 + 6 + 10 + 1 = 72 (1 ચારેય સમાન અક્ષર માટે) **જવાબ :** (B)

(34) $\frac{3}{4} + \left(\frac{3}{4}\times\frac{5}{8}\right) + \left(\frac{3}{4}\times\frac{5}{8}\times\frac{7}{12}\right) + \ldots$ અનંત પદ = ......

(A) $\sqrt{2}-1$ (B) $2\cdot\sqrt{2}+1$ (C) $2\cdot\sqrt{2}-1$ (D) $2\cdot\sqrt{2}$

**ઉકેલ :** $(1+x)^n - 1 = nx + \frac{n(n-1)}{2}x^2 + \ldots$ અનંત પદ

$$= \frac{3}{4} + \left(\frac{3}{4}\times\frac{5}{8}\right) + \left(\frac{3}{4}\times\frac{5}{8}\times\frac{7}{12}\right) \ldots \text{ અનંત પદ}$$

$\therefore nx = \frac{3}{4}$ ....... (i) અને $\frac{n(n-1)}{2}x^2 = \frac{15}{32}$ (ii)

(ii) ÷ (i) નો વર્ગ કરતાં, $\frac{n(n-1)x^2}{2n^2x^2} = \frac{15}{32}\times\frac{4}{3}\times\frac{4}{3}$

$\therefore \frac{n-1}{n} = \frac{5}{3}$

$\therefore 3n - 3 = 5n.$ આથી $2n = -3 \Rightarrow n = -\frac{3}{2}$

(i) માં $n = -\frac{3}{2}$ મૂકતાં $\left(-\frac{3}{2}\right)x = \frac{3}{4}$. આથી $x = \frac{-1}{2}$

$\therefore (1+x)^n - 1 = \left(1-\frac{1}{2}\right)^{\frac{-3}{2}} - 1 = \left(\frac{1}{2}\right)^{\frac{-3}{2}} - 1 = 2^{\frac{3}{2}} - 1 = 2\cdot\sqrt{2} - 1$ **જવાબ :** (C)

(35) $(1 + x + x^2 + x^3 + x^4)^3$ના વિસ્તરણમાં $x^5$ નો સહગુણક ...... છે.

(A) 15 (B) 18 (C) 21 (D) 24

**ઉકેલ :** $(1 + x + x^2 + x^3 + x^4)^3 = \frac{(1-x)^3(1+x+x^2+x^3+x^4)^3}{(1-x)^3}$

$= (1 - x^5)^3 (1 - x)^{-3}$

$\therefore$ માંગેલ $x^5$ નો સહગુણક = [$(1 - x^5)^3$ માં $x^5$ નો સહગુણક] × [$(1 - x)^{-3}$ માં $x^0$ નો સહગુણક] + [$(1 - x^5)^3$ માં $x^0$ નો સહગુણક] × [$(1 - x)^{-3}$ માં $x^5$ નો સહગુણક]

$= -\binom{3}{1}\times(1) + (1)\times\binom{5+3-1}{5}$

[$\because (1-x)^{-k}, k \in N$ માં $x^r$ નો સહગુણક $\binom{k+r-1}{r}$]

$= -3 + \binom{7}{5} = -3 + \binom{7}{2} = -3 + 21 = 18$ **જવાબ :** (B)

(36) સમીકરણ $x_1 + x_2 + x_3 + x_4 = 31$, $x_1, x_2, x_3, x_4 \in W$ ના ઉકેલોની સંખ્યા ...... છે.

(A) $\binom{34}{4}$ (B) $\binom{34}{3}$ (C) $\binom{35}{4}$ (D) $\binom{33}{2}$

**ઉકેલ :** માંગેલ ઉકેલોની સંખ્યા $= (1 + x + x^2 + ...+ x^{31})^4$ ના વિસ્તરણમાં $x^{31}$ નો સહગુણક

$= \frac{(1-x)^4 (1+x+x^2+...+x^{31})^4}{(1-x)^4}$ માં $x^{31}$ નો સહગુણક

$= (1 - x^{32})^4 (1 - x)^{-4}$ માં $x^{31}$ નો સહગુણક

$= (1 - x)^{-4}$ માં $x^{31}$ નો સહગુણક

$= \binom{31+4-1}{31}$ $\quad (1 - x)^{-n}$ માં $x^r$ નો સહગુણક $= \binom{n+r-1}{r}$

$= \binom{34}{31} = \binom{34}{3}$ **જવાબ :** (B)

(37) સમીકરણ $x + y + z = 20$, $x \ge 1$, $y \ge 2$, $z \ge 3$, $x, y, z \in W$ ના ઉકેલોની સંખ્યા ...... છે.

(A) 210 (B) 136 (C) 120 (D) 124

**ઉકેલ :** માંગેલ ઉકેલોની સંખ્યા

$= (x^1 + x^2 + ...+ x^{20}) (x^2 + x^3 + ... + x^{20}) (x^3 + x^4 + ... + x^{20})$ માં $x^{20}$ નો સહગુણક

$= x^6 (1 + x + ...+ x^{19}) (1 + x + ... + x^{18}) (1 + x + ... + x^{17})$ માં $x^{20}$ નો સહગુણક

$= (1 + x + ...+ x^{19}) (1 + x + ... + x^{18}) (1 + x + ... + x^{17})$ માં $x^{14}$ નો સહગુણક

$= \left(\frac{1-x^{20}}{1-x}\right) \left(\frac{1-x^{19}}{1-x}\right) \left(\frac{1-x^{18}}{1-x}\right)$ માં $x^{14}$ નો સહગુણક

$= (1 - x^{20}) (1 - x^{19}) (1 - x^{18}) (1 - x)^{-3}$ માં $x^{14}$ નો સહગુણક

$= (1 - x)^{-3}$ માં $x^{14}$ નો સહગુણક

$= \binom{3+14-1}{14} = \binom{16}{14} = \binom{16}{2} = \frac{16 \times 15}{2} = 120$ **જવાબ :** (C)

(38) અસમતા $x + y + z \le 30$, ના અનૃણ પૂર્ણાંક ઉકેલોની સંખ્યા ...... છે.

(A) 5465 (B) 5456 (C) 5654 (D) 5646

**ઉકેલ :** અસમતા $x + y + z \le 30$, ના અનૃણ પૂર્ણાંક ઉકેલોની સંખ્યા $= x + y + z + a = 30$, ના અનૃણ પૂર્ણાંક ઉકેલોની સંખ્યા= $(1 + x^1 + x^2 + ...+ x^{30})^4$ માં $x^{30}$ નો સહગુણક $= (1 - x)^4 \ (1 + x^1 + x^2 + ...+ x^{30})^4 (1 - x)^{-4}$ માં $x^{30}$ નો સહગુણક

$= (1-x^{31})^4 (1-x)^{-4}$ માં $x^{30}$ નો સહગુણક

$= (1-x)^{-4}$ માં $x^{30}$ નો સહગુણક

$= \binom{4+30-1}{30} = \binom{33}{30} = \binom{33}{3} = \frac{33\times32\times31}{6} = 5456$ **જવાબ :** (B)

(39) 15 સમાન વસ્તુઓને ત્રણ પેટીમાં કુલ કેટલી રીતે મૂકી શકાય ? (દરેક પેટીમાં વધુમાં વધુ 15 વસ્તુ આવી શકે.)

(A) 91 (B) $_{15}P_3$ (C) $3^{15}$ (D) 136

**ઉકેલ :** અહીં દરેક પેટીમાં 0 અથવા 1 અથવા 2 ... અથવા 15 વસ્તુઓ મૂકી શકાય.

માંગેલ પ્રકારોની સંખ્યા

$= (1 + x + x^2 + ...+ x^{15})^3$ માં $x^{15}$ નો સહગુણક

$= (1-x)^3 \ (1 + x + x^2 + ...+ x^{15})^3 (1-x)^{-3}$ માં $x^{15}$ નો સહગુણક

$= (1-x^{16})^3(1-x)^{-3}$ માં $x^{15}$ નો સહગુણક

$= (1-x)^{-3}$ માં $x^{15}$ નો સહગુણક

$= \binom{15+3-1}{15} = \binom{17}{15} = \binom{17}{2} = \frac{17\times16}{2} = 136$ **જવાબ :** (D)

(40) જો $c_r = \binom{30}{r}$ તો $\left(\frac{c_1}{c_0}\right)^2 + 8\left(\frac{c_2}{c_1}\right)^2 + 27\left(\frac{c_3}{c_2}\right)^2 + ... + 30^3\left(\frac{c_{30}}{c_{29}}\right)^2 = ......$

(A) 76808 (B) 76080 (C) 75880 (D) 76880

**ઉકેલ :** $\frac{c_r}{c_{r-1}} = \frac{\binom{30}{r}}{\binom{30}{r-1}} = \frac{30!}{(30-r)!r!} \times \frac{(30-r+1)!(r-1)!}{30!} = \frac{31-r}{r}$

માગેલ સરવાળો $= \sum_{r=1}^{30} r^3\left(\frac{c_r}{c_{r-1}}\right)^2$

$= \sum_{r=1}^{30} r^3\left(\frac{31-r}{r}\right)^2$

$= \sum_{r=1}^{30} (961 - 62r + r^2)$

$= \sum_{r=1}^{30} (961\,r - 62\,r^2 + r^3)$

$= \left[961\frac{n(n+1)}{2} - 62\frac{n(n+1)(2n+1)}{6} + \frac{n^2(n+1)^2}{4}\right]_{n=30}$

$$= \left[\frac{n(n+1)}{2}\left(961 - \frac{124n}{3} - \frac{62}{3} + \frac{n^2+n}{2}\right)\right]_{n=30}$$

$$= \left[\frac{n(n+1)}{2}\left(\frac{5766 - 248n - 124 + 3n^2 + 3n}{6}\right)\right]_{n=30}$$

$$= \left[\frac{n(n+1)}{12}\left(3n^2 - 245n + 5642\right)\right]_{n=30}$$

$= \frac{155}{2}(8342 - 7350) = \frac{155}{2}(992) = 155 \times 496 = 76880$ **જવાબ :** (D)

(41) $\sum_{m=1}^{n}\left(\sum_{r=0}^{m-1}\binom{n}{r}\right) = ......$

(A) $n \cdot 2^{n-1}$ (B) $n \cdot 2^{n}$ (C) $2^{n-1} + n$ (D) $(n+1)\, 2^{n-1}$

**ઉકેલ :** $(1+x)^n = \binom{n}{0} + \binom{n}{1}x + \binom{n}{2}x^2 + ... + + \binom{n}{n}x^n$

બંને બાજુ $x$ ને સાપેક્ષ વિકલન કરતાં

$$n(1+x)^{n-1} = \binom{n}{1} + 2x\binom{n}{2} + ... + nx^{n-1}\binom{n}{n}$$

$x = 1$ લેતાં, $n \cdot 2^{n-1} = \binom{n}{1} + 2\binom{n}{2} + ... + n\binom{n}{n}$

$$= \binom{n}{n-1} + 2\binom{n}{n-2} + ... + (n-1)\binom{n}{1} + n\binom{n}{0}$$

$$= n\binom{n}{0} + (n-1)\binom{n}{1} + ... + 2\binom{n}{n-2} + \binom{n}{n-1}$$

$$= \binom{n}{0} + \left(\binom{n}{0}+\binom{n}{1}\right) + \left(\binom{n}{0}+\binom{n}{1}+\binom{n}{2}\right) ... + \left(\binom{n}{0}+\binom{n}{1}+...+\binom{n}{n-1}\right)$$

$$= \sum_{m=1}^{n}\left(\binom{n}{0}+\binom{n}{1}+...+\binom{n}{m-1}\right)$$

$$= \sum_{m=1}^{n}\left(\sum_{r=0}^{m-1}\binom{n}{r}\right)$$

**જવાબ :** (A)

(42) $\sum_{r=0}^{9}\left\{(x+4)^{9-r}\cdot(x+3)^r\right\}$ માં $x^5$ નો સહગુણક ...... છે.

(A) $781 \cdot \binom{10}{5}$ (B) $780\binom{9}{5}$ (C) 781 (D) $\binom{10}{5}$

ઉકેલ : અહીં $k = \sum_{r=0}^{9}\left\{(x+4)^{9-r}\cdot(x+3)^{r}\right\}$ માં $x^5$ નો સહગુણક

$= (x + 4)^9 + (x + 4)^8 (x + 3) + (x + 4)^7 (x + 3)^2 + ... + (x + 3)^9$ માં $x^5$ નો સહગુણક

$= (x + 4)^9 \dfrac{\left[1-\left(\frac{x+3}{x+4}\right)^{10}\right]}{1-\left(\frac{x+3}{x+4}\right)}$ માં $x^5$ નો સહગુણક, $\left[a=(x+4)^9, r=\frac{x+3}{x+4}, n=10\right]$

$= (x + 4)^{10}\left[1-\left(\frac{x+3}{x+4}\right)^{10}\right]$ માં $x^5$ નો સહગુણક

$= (x + 4)^{10} - (x + 3)^{10}$ માં $x^5$નો સહગુણક $= \binom{10}{5}4^5 - \binom{10}{5}3^5 = \binom{10}{5}\cdot 781$ **જવાબ :** (A)

(43) જો $n \in \mathrm{N} - \{1\}$ તો, $\sum_{r=0}^{n}\left\{(-1)^r(100-r)\binom{n}{r}\right\} = ......$

(A) 100 (B) $100\ (2^n)$ (C) $2^n - 1$ (D) 0

ઉકેલ : $\sum_{r=0}^{n}\left\{(-1)^r(100-r)\binom{n}{r}\right\} = \sum_{r=0}^{n}(-1)^r\,100\binom{n}{r} - \sum_{r=0}^{n}(-1)^r\,r\binom{n}{r}$

$= 100\left\{\binom{n}{0}-\binom{n}{1}+\binom{n}{2}-...+(-1)^n\binom{n}{n}\right\} - \left\{-\binom{n}{1}+2\binom{n}{2}-3\binom{n}{3}+...+(-1)^n n\binom{n}{n}\right\}$

$= 100\ \{0\} + \left\{\binom{n}{1}-2\binom{n}{2}+3\binom{n}{3}-...+(-1)^{1+n}n\binom{n}{n}\right\}$ ......................... (1)

હવે, $(1 - x)^n = \binom{n}{0} - \binom{n}{1}x + \binom{n}{2}x^2 - \binom{n}{3}x^3 + ... + (-1)^n x^n$ નું બંને બાજુ $x$ ને સાપેક્ષ વિકલન કરતાં,

$n(1 - x)^{n-1}(-1) = -\binom{n}{1} + 2x\binom{n}{2} - 3x^2\binom{n}{3} + ... + (-1)^n nx^{n-1}$

$x = 1$ લેતાં $0 = -\binom{n}{1} + 2\binom{n}{2} - 3\binom{n}{3} + ... + (-1)^n n$

$\therefore 0 = \binom{n}{1} - 2\binom{n}{2} + 3\binom{n}{3} - ... + (-1)^{n+1} n$ ............................. (2)

સમીકરણ (1) અને (2) પરથી માગેલ સરવાળો = 0 **જવાબ :** (D)

(44) જો $C_r = \binom{n}{r}$ તો $\sum_{m=0}^{n}\left(\sum_{r=0}^{m} C_r\right)$ = ......

(A) $(n + 2) \cdot 2^n$ (B) $(n + 1) \cdot 2^{n-1}$ (C) $n \cdot 2^{n-1}$ (D) $(n + 2) \cdot 2^{n-1}$

**ઉકેલ :** માંગેલ સરવાળો = $\sum_{m=0}^{n} (C_0 + C_1 + C_2 + ... + C_m)$

$= C_0 + (C_0 + C_1) + (C_0 + C_1 + C_2) + ... + (C_0 + C_1 + C_2 + ... + C_n)$

$= (n+1) \cdot C_0 + n \cdot C_1 + (n - 1) \cdot C_2 + (n - 2) \cdot C_3 + ... + C_n$

$= (n+1) \cdot C_n + n \cdot C_{n-1} + (n - 1) \cdot C_{n-2} + ... + 3 \cdot C_2 + 2 \cdot C_1 + C_0$

$= (C_0 + C_1 + C_2 + ... + C_n) + (C_1 + 2 \cdot C_2 + ... + n \cdot C_n)$

$= 2^n + n \cdot 2^{n-1} = (n + 2) \cdot 2^{n-1}$

[$(1 + x)^n$ નું વિસ્તરણ કરીને $x$ ને સાપેક્ષ વિકલન કરી $x = 1$ મૂકતાં,

$C_1 + 2 \cdot C_2 + 3 \cdot C_3 + ... + n \cdot C_n = n \cdot 2^{n-1}$ મળે.] **જવાબ :** (D)

(45) જો $S_k = \sum_{r=1}^{n} r^k$ તો $\sum_{r=1}^{k+1} \binom{k+1}{r} S_{k+1-r}$ = ......

(A) $(n + 1)^{k+1} - 1$ (B) $(n + 1)^{k+1}$ (C) $n^{k+1} - 1$ (D) $(n + 1)^k - 1$

**ઉકેલ :** માંગેલ સરવાળો

$$= \sum_{r=0}^{k+1}\left[\binom{k+1}{r} S_{k+1-r}\right] - \binom{k+1}{0} S_{k+1}$$

$$= \sum_{r=0}^{k+1}\left[\binom{k+1}{r}\left\{1^{k+1-r} + 2^{k+1-r} + 3^{k+1-r} + ... + n^{k+1-r}\right\}\right] - S_{k+1}$$

$$= \sum_{r=0}^{k+1} \binom{k+1}{r} 1^{k+1-r} + \sum_{r=0}^{k+1} \binom{k+1}{r} 2^{k+1-r} + \sum_{r=0}^{k+1} \binom{k+1}{r} 3^{k+1-r} + ... + \sum_{r=0}^{k+1} \binom{k+1}{r} n^{k+1-r} - S_{k+1}$$

$= 2^{k+1} + 3^{k+1} + 4^{k+1} + ... + (n + 1)^{k+1} - (1^{k+1} + 2^{k+1} + 3^{k+1} + ... + n^{k+1})$

$= (n + 1)^{k+1} - 1$ **જવાબ :** (A)

(46) જો $n$ એ 3 નો ગુણક હોય, તો $\sum_{r=0}^{\frac{n}{3}} \binom{n}{3r}$ = ......

(A) $\frac{1}{3}(2^n + (-1)^n 2)$ (B) 0 (C) $2^n - 2(-1)^n$ (D) $2^n + 2(-1)^n$

